જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 1564
શાખાનું નામ: પ્રાથ/જીટ
તારીખ: 25/8/22

ક્રમાંક:ક-૨/સ્કો/૨૦૨૨/૨૯૬-૩૩૦
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોકનં:૯-૧, ડાૅ. જે.એમ.ભવન,
ગાંધીનગર
તા.૨૩/૦૮/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા- તમામ

વિષય:- Digital Gujarat Portal પર પ્રી મેટ્રિક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજના/સાયકલ સહાય યોજનાના અમલ બાબત.

સંદર્ભ: નિયામક અનુસુચિત જાતિ કલ્યાણ, ૪/૨ ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર પત્ર ક્રમાંક: નં.અજાક/ગ-૧/૫/૨૨-૨૩/૫૯૪૨-૮૨ ના તા.૨૦/૦૬/૨૦૨૨ નો પત્ર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફત ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરી છેલ્લા પાંચ વર્ષથી સદરહું પોર્ટલ મારફત શૈક્ષણિક યોજનાનો અમલ કરવામાં આવે છે.

Digital Gujarat Portalમાં હાલ અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી હસ્તકની આ સાથેના પત્રક-૨ મુજબની રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પણ અમલ કરવાનો થાય છે. Digital Gujarat Portalમાં જે સુધારા વધારા કરવામાં આવેલ છે તેની સમજ પણ વખતો વખત વડી કચેરી દ્વારા તેમજ Digital Gujarat Portal પર સૂચનાઓ આપી આપવામાં આવતી હોય છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ શરૂ થઇ ગયેલ છે. તેથી તમામ જિલ્લા અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે આપના તાબા હેઠળની સંબધિત શાળાઓ/ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓને પરિપત્ર કરી વર્ષ ૨૦૨૨-૨૩માં આ સાથેના પત્રક-૨ મુજબની યોજનાઓની દરખાસ્તો આ સાથેના માસવાર આયોજનના પત્રકમાં સૂચનાઓ મુજબ સમયસર ઓનલાઇન મેળવવાની રહેશે. (ભારત સરકારશ્રીની બે પ્રિમેટ્રીક દર્શાવેલ યોજના અનુક્રમે (૧) "BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation Stud: 1 to 10" તથા (૨) BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI) Std: 9-1" માં ટેકનીકલ સુધારા ચાલુ હોય ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.)

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની તમામ શાળાઓ માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને મળતી પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓનો અમલ જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી મારફત જ કરવાનો રહેશે એટલે કે શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની તમામ શાળાઓની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાની પ્રપોઝલ હવે નાયબ નિયામક,

Scanned with CamScanner

અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીએથી જ નિયમોનુસાર મંજુર કરી શિષ્યવૃત્તિ સહાયનું ચુકવણું કરવાનું રહેશે. સદરહું બાબતે અગાઉ તેઓની કચેરીએથી જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવેલ છે.

માન. કલેક્ટરશ્રી, માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેમજ શાસનાધિકારીશ્રીઓના સંકલન અને સહકારી આ કામગીરીને સફળતાપૂર્વક પાર પાડવાના લક્ષ સાથે કામગીરી કરવા જણાવેલ છે. જે માટે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા, ગાંધીનગર

---

પરિપત્ર નં:- ૯૬૩

ક્રમાંક:-પ્રાથમિક/શિષ્યવૃતિ/૨૨-૨૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી.
તા.૨૬/૦૮/૨૦૨૨

ઉક્ત પરિપત્ર જાણ તથા અમલ સારૂ.....

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
આ જિલ્લાની માધ્ય અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.અમરેલી

Scanned with CamScanner